દિવ્ય ભાસ્કર
અમદાવાદ • મંગળવાર, 18 સપ્ટેમ્બર, 2018 | 4

# રાય યુનિવર્સિટીના છાત્રો M.Sc. એગ્રિકલ્ચરની પરીક્ષા આપી શકશે

## હાઈકોર્ટના ચુકાદાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનશે

ભાસ્કર ન્યૂઝ | ધોળકા

ધોળકા તાલુકાના ચલોડા ગામે આવેલ રાય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ એમ.એસ.સી. એગ્રીકલ્ચરની પ્રવેશ પ્રક્રિયામાંથી સરકાર દ્વારા બાકાત કરવામાં આવ્યા હતા. આ સરકારના નિર્ણયને લીધે રાય યુનિવર્સિટીના 500 જેટલા વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાઇ ગયુ હતું.

આ સરકારના નિર્ણયને લઈને રાય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી અને હાઈકોર્ટ દ્વારા 5 ઓગસ્ટ 2018માં લેવામાં આવી રહેલી પ્રવેશ પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હતી.

રાય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની દલીલો અને તેમના ભવિષ્ય લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા 15 સપ્ટેમ્બર 2018ના રાત્રિએ રાય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આ પ્રવેશ પ્રક્રિયામાં બેસીને પરીક્ષા આપી શકશે તેવો ચુકાદો આપવામાં આવ્યો હતો. આ ચુકાદાથી રાય યુનિવર્સિટીમાં એમ.એસ.સી. એગ્રીકલ્ચરના વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.